| | |
|---|---|
| રજુ તારીખ: | તા.૨૪/૦૫/૨૦૧૭ |
| દાખલ તારીખ: | તા.૨૪/૦૫/૨૦૧૭ |
| ફેંસલ તારીખ: | તા.૧૨/૦૩/૨૦૨૬ |
| અવધિ: વર્ષ: માસ: દિવસ<br>૦૮ : ૦૯ : ૧૯ | |

શ્રી રાજેન્દર સિંધ, પ્રમુખ અધિકારી, ઔધોગિક ન્યાયપંચ, અમદાવાદ.
(કલોલ/મહેસાણા કોર્ટ સીટીંગ) સમક્ષ.

રેફરન્સ(આઈ.ટી) નં.૧૨૧/૨૦૧૭

આંક–૨૧

પ્રથમપક્ષકાર :- મેનેજીંગ ડીરેકટરશ્રી/ મેનેજરશ્રી,
રેઇન્બો પેપર્સ લી., ૧૪૫૩, રાજપુર,
કલોલ-મહેસાણા હાઈવે, તા.કડી, જી-મહેસાણા.

અને

બિજા પક્ષકાર :-- **(૧)** જો.સેક્રેટરીશ્રી, અખિલ ગુજરાત જનરલ મજદુર સંઘ, ૨ જો માળ, અરબ ચેમ્બર્સ, પથ્થર કુવા, રીલીફ રોડ, અમદાવાદ-૧
**(૨)** ગુજરાત મઝદુર સભા, ૧૦૪,મહારાણા પ્રતાપ કોમ્પલેક્ષ, વી.એસ.હોસ્પીટલ પાસે, એલીસબ્રીજ પોસ્ટ ઓફીસની પાસે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
(આંક-૬ ની અરજી તળે કરેલ હુકમ મુજબ પક્ષકાર તરીકે જોડયા)

વિષય:-- ઔધોગિક વિવાદ ધારો,૧૯૪૭ અન્વયે ન્યાય નિર્ણય કરવા બાબત.

પ્રતિનીધીત્વ:-- પ્રથમપક્ષકાર તરફે :- ગેરહાજર.
બીજાપક્ષકાર તરફે :- શરુઆતમાં યુનીયન પ્રતીનીધીશ્રી આર.આર.દીનકર. ત્યારબાદ વિ.વ.શ્રી એ.એન.પટેલ અને ત્યારબાદ કોઇ નહી.

**–: એવોર્ડ :--**

**(૧)..** હાલનો રેફરન્સ શ્રમ આયુકતની કચેરી, ગુજરાત રાજય, ઉધોગ ભવન, બ્લોક ૧૧–૧૨–૧૪, બીજો માળ, સેકટર-૧૧ ગાંધીનગર તા.૨૦/૦૫/૨૦૧૭ ના હુકમ ક્રમાંકઃ કે. એચ. એ. એચ. એમ. સી / ૪૦૨૨૩ / ૫ / ૨ / આઇડીઆર / એજે / ૧૩૭ / ૨૦૧૭ થી આ ઔધોગિક વિવાદ આઈ.ડી.એકટની કલમ-૧૦ (૧) અન્વયે ન્યાય નિર્ણય માટે ઔધોગિક ન્યાયપંચ, અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ છે.

**(૨)..** **" અનુસુચિ "**

સંસ્થામાં તા.૦૪/૧૦/૨૦૧૬ થી કરેલ લોક આઉટ તાત્કાલીક અસરથી ઉઠાવી સદર સમયગાળાનો પુરેપુરો પગાર શ્રમયોગીઓને ચુકવી આપવા જોઈએ કે કેમ?

**(3)..** સદર કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને સંસ્થા તરીકે અને બીજા પક્ષકારને કામદારો તરીકે સંબોધવામાં આવશે.

**(૪)..** સદર કામે બીજાપક્ષકાર કામદારો તરફે ગુજરાત મઝદુર સભા ધ્વારા આંક-૧૧ માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે અને અનુસુચીમાં જણાવેલ માંગણીનું પુનરાવર્તન કરી એવોર્ડ પસાર કરવા અરજી કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, પ્રથમપક્ષકાર કંપનીનું તા.૪/૧૦/૨૦૧૬ થી કામબંધીનું પગલું પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ્ છે અને તે આઇ.ડી.એકટની કલમ-૨૫(એમ)(એન)(ઓ), કલમ-33, ૯(એ) તેમજ આજ્ઞાત્મક જોગવાઈઓ વિરુધ્ધનું છે અને તે પ્રથમ થી જ ગેરકાયદેસર અને રદ્ છે તેવુ જાહેર કરવા અને કંપની તેમજ કામદારોના માલિક, નોકરના સંબંધો ચાલુ છે અને કંપની કામદારોને ફરજ ઉપર લે અને કામદારોનો પ્રત્યેક માસનો ગેરકાયદેસર કામબંધી જાહેર કરી ત્યારથી પુરેપુરો પગાર, નોકરીનું સાતત્ય અને અન્ય તમામ આનુસાંગીક લાભો ચુકવે તેવો હુકમ કરવા અરજ કરેલ છે. વધુમાં પ્રથમપક્ષકાર કંપનીનું તા.૨૮/૭/૨૦૧૭ નું આઇ.ડી.એકટની કલમ–૨(પી) અને ૧૮ હેઠળનું હોવાનું જણાવી જે કહેવાતું સમાધાન કરેલ છે તે બીજા પક્ષકાર કામદારોને બંધનકર્તા નથી અને તે અનઅધિકૃત, સત્તા વિનાનું, પ્રથમ થી જ ગેરકાયદેસર અને રદ્ છે અને આ સમાધાન આઇ.ડી.એકટની કલમ-૯(એ), 33,

૨૫(એમ)(એન)(ઓ) ની જોગવાઇઓ વિરુધ્ધનું છે અને તે પ્રથમથી જ ગેરકાયદેસર અને રદૃ છે તેવુ જાહેર કરવા અરજ કરેલ છે અને રેફરન્સ ખર્ચ રૂા.૨.૦૦ લાખ અપાવવા અરજ કરેલ છે.

**(૫)..** આ કામે પ્રથમપક્ષકાર સંસ્થા તરફે કોઇ લેખીત જવાબ રજુ થયેલ નથી.

**(૬)..** સદર કામે કેસ ચાલતા દરમ્યાન બીજાપક્ષકાર તરફે એન.સી.એલ.ટી અમદાવાદ બેન્ચ ધ્વારા થયેલ હુકમ મુજબ પ્રથમપક્ષકાર સંસ્થાનો તમામ વહીવટ તથા દેખરેખ કુશલ લી. ઠે.કુશલ હાઉસ, પ્લોટ નં.૧૧૫, ઓફ સી.જી રોડ, નવરંગપુરા અમદાવાદને પક્ષકાર તરીકે જોડવા માટે અરજી કરેલી પરંતુ સદર અરજી કર્યા બાદ બીજાપક્ષકાર તરફે કોઇપણ કામદાર હાજર રહેલ નથી અને ત્યારબાદ બીજાપક્ષકાર તરફે યુનિયન પ્રતીનીધીશ્રીઓ પણ હાજર રહેલ નથી કે બીજાપક્ષકાર તરફે રેફરન્સમાં માંગવામાં આવેલ માંગણીઓ સંબંધે કોઇ પુરાવો રજુ કરેલ નથી.

**(૭)..** આમ જયારે બીજાપક્ષકાર કામદારો સંસ્થાની સામે જે પ્રકારનો વિવાદ ઉપસ્થીત કરેલ હોય તો તે અંગેનાં ઉપલબ્ધ પુરાવાઓ રજુ કરવા જોઈએ. સદર કામે અદાલતે બીજાપક્ષકાર કામદારને પુરતી તક આપવા છતાં મૌખિક પુરાવા કે દસ્તાવેજી પુરાવા હાજર થઈને રજુ કરેલ નથી કે તે હકીકત મૌખિક પુરાવા કે દસ્તાવેજી પુરાવા રજુ કરી પુરવાર કરેલ નથી. તેમ છતાં આ કામે કામદાર ભલે પોતાના પુરાવા આપવા હાજર થયેલ ન હોય પરંતુ રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં અદાલતે ગુણદોષનાં આધારે કેસનો નિર્ણય કરવાનો હોય છે. જયારે નામદાર ગુજરાત હાઈકોર્ટનાં જી.એલ.આર. ૨૦૦૪ (૨) પાના નં.૧૪૭૫ મોહિતોષદાસમાં ઠરાવવામાં આવેલ છે કે, કામદાર પુરાવો આપે કે ન આપે, પરંતુ નામદાર અદાલત સમક્ષ જે કાંઈ દાવા અરજી, દાવા અરજીનો જવાબ અને રજુ થયેલા દસ્તાવેજ હોય તેના ઉપરથી નામદાર અદાલતે મેરીટ ઉપર જજમેન્ટ આપવા જોઈએ. પરંતુ કોઈપણ સિવિલ પ્રકારનાં કેસમાં પ્રત્યેક પક્ષકારોને પોતાના કેસની હકીકતો સોગંદ ઉપર તેમજ દસ્તાવેજોથી બંને રીતે પુરવાર કરવી જોઈએ. હાલનાં કામે કામદારો પોતાના કેસની કોઈ હકીકત સોગંદ ઉપર પુરવાર કરેલ નથી કે કોઈ દસ્તાવેજી પુરાવો આપેલ નથી તેમજ સદર કામે જે રેફરન્સ અન્વયે રેકર્ડ રજુ છે તેમાં એવી કોઈ હકીકત રેકર્ડે આવેલ નથી કે બીજાપક્ષકારોની તરફેણમાં કોઈ હુકમ પસાર કરી શકાય. વધુમાં

સિવિલ કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે પ્રત્યેક પક્ષકારે પોતાનો કેસ પુરવાર કરવો જોઈએ. હાલનાં કામે જોવામાં આવે તો બીજાપક્ષકાર તરફે કોઇ પણ કામદારે હાજર થઈને આવી કોઈ હકીકતો પુરવાર કરેલ નથી. જેથી બીજાપક્ષકાર કામદારોનો રેફરન્સ ગ્રાહય રાખી શકાય તેમ નથી. તેથી ન્યાયનાં હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) બીજાપક્ષકાર કામદારોનો રેફરન્સ (આઈ.ટી.) નં.૧૨૧/૨૦૧૭ આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

(૨) ઔધોગિક વિવાદ ધારા અન્વયે એવોર્ડ પ્રસિધ્ધી અર્થે મોકલવો.

(૩) રેફરન્સનાં ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૪) બીજાપક્ષકાર કામદારોનો રેફરન્સ નામંજુર કરેલ હોવાથી સદર કામે અનિર્ણીત અરજીઓ, જે કોઇ હોય, આથી ફેંસલ ગણવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) વધુમાં સદર રેફરન્સનો એવોર્ડ કામદાર/બીજાપક્ષકારની ગેરહાજરીના લીધે એકતરફી પસાર કરેલ હોવાથી સંબંધીત પક્ષકાર ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્લટ રુલ્સ ૧૯૬૬ ના રુલ ૨૬-એ મુજબ પુન:સ્થાપનની અરજી કાયદાકીય સમય મર્યાદામાં કરી શકશે અને તે અરજીનો નિર્ણય ખર્ચને આધીન રહેશે.

Digitally signed by
RAJENDER SINGH
at Kalol
on 12/03/2026 16:36:33 IST.

તા. ૧૨/૦૩/૨૦૨૬
સ્થળ:- કલોલ.

(રાજેન્દર સિંઘ)
કોડ નંબર જીજે-૦૧૦૮૫
પ્રમુખ અધિકારી,
ઔધોગિક ન્યાયપંચ,અમદાવાદ,
(કલોલ/મહેસાણા કોર્ટ સિટીંગ)